અપીલ અરજી નં.૨૮૦ તા.૩૦–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ જે. ગામીત

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ જે. ગામીતની તા.ર૯–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ પ્રજાપતિ વાડી (કોમ્પલેક્ષ)નું કયારે બાંધકામ થયું. મુદ્દા નં.ર પ્રજાપતિ વાડી (કોમ્પલેક્ષ) નો નકશો આપશો. મુદ્દા નં.ઉ. અરજીની શું કાર્યવાહી કરી છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૧–૦૯ ની અપીલ અરજી નં.ર૮૦/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ જે. ગામીતની તા.ર૯–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ પ્રજાપતિ વાડી (કોમ્પલેક્ષ)નું કયારે બાંધકામ થયું. મુદ્દા નં.ર પ્રજાપતિ વાડી (કોમ્પલેક્ષ) નો નકશો આપશો. મુદ્દા નં.ઉ. અરજીની શું કાર્યવાહી કરી છે? તેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.નોર્થઝોન/આ.પર૭૮ તા.૧૧–૧૧–૦૯ થી આપેલ માહિતી બરોબર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬ર તા.૩–૧ર–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા અરજદારને અપીલ અરજી સાથે આરટીઆઈ એકટના નિયમ–૬ મુજબ મુળ અરજીની નકલ, ફી ની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૦–૧ર–૦૯ ના પત્રથી અરજીની ફી ભર્યા અંગેની પહોંચની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.ર૯–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ પ્રજાપતિ વાડી (કોમ્પલેક્ષ)નું કયારે બાંધકામ થયું. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેથી કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં પ્રશ્નવાળું બાંધકામ કયારે થયું તે બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.ર પ્રજાપતિ વાડી (કોમ્પલેક્ષ) નો નકશો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત મુદ્દા નં.(૧) મુજબ માહિતી ઉપલબ્ધ ન હોય માંગણી મુજબ નકશો આપી શકાશે નહીં. મુદ્દા નં.ઉ. અરજીની શું કાર્યવાહી કરી છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા. ૯–૯–૦૯ ની અરજી અન્વયે તા.૪–૧૦–૦૯ ના પત્રથી શ્રી રામજી મંદિરના ટ્રસ્ટના ટ્રસ્ટીઓને, પાર્કીગવાળી જગ્યાનો ઉપયોગ કરવા તાકીદ કરવામાં આવેલ છે. એમ જણાવેલ. જયારે અરજદારે અપીલ અરજીમાં માહિતી બરાબર મળી નથી, પ્રજાપતિ વાડીનું બાંધકામ કયારે થયું છે તે જણાવેલ નથી તથા વાડીનો નકશો મળેલ નથી એવું જણાવી અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામાં ડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેમ છતાં માહિતી ઉપલબ્ધ નહીં હોવા બાબતના જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરના અનુસંધાને પ્રશ્ન હેઠળની મિલ્કતના બાંધકામ બાબતે લાગત વિસ્તારના બાંધકામ પરવાનગી રજીસ્ટર કે દફતરની તપાસથી ધ્વારા પારદર્શી પ્રત્યુત્તર પાઠવી શકાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૯–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે લાગત દફતર બાંધકામ પરવાનગી રજીસ્ટરની તપાસણી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. આ અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ર – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી સુરેશ જે. ગામીત,